Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X



# ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કૃત કૃતિ 'સંસ્કાર'

ડૉ. સંકેત પારેખ

'ભારતીય જ્ઞાનપીઠ પુરસ્કાર' દ્વારા સન્માનિત કન્નડ સર્જક યૂ. આર. અનંતમૂર્તિની "સંસ્કાર" ભારતીય સંસ્કૃતિના જે મૂલ્યો છે, તેને ઉજાગર કરતી ખૂબ લોકપ્રિય લઘુનવલ છે. આ કૃતિમાં અથથી ઇતિ સુધી નજર માંડીએ તો બ્રાહ્મણપરંપરાનાં જે ઉચ્ચ મૂલ્યો છે, તેમાં રહેલો સડો આધુનિક દ્રષ્ટિકોણથી કર્તાએ રજૂ કર્યો છે. વિશેષ નોંધ લેવા જેવી બાબત એ છે કે આ કૃતિના કર્તા પણ બ્રાહ્મણ પરંપરામાં ઉછરેલા છે. શ્રી અનંતમૂર્તિના પિતા આધુનિક માનસ ધરાવતા હતા, પુત્રને પૂર્વ-પશ્ચિમનાં સર્જકોનો પરિચય કરાવે છે. એટલું જ નહિ પણ પુત્રને વધુ અભ્યાસ માટે પરદેશ મોકલે છે.

૧૯૬૫માં "સંસ્કાર" લઘુનવલ પ્રગટ થાય છે, ત્યારે કન્નડ સાહિત્યજગતમાં સાહિત્યિક ભૂકંપ મચે છે. રમણભાઈ નીલકંઠની "ભદ્રંભદ્ર" નવલકથા પ્રકાશિત થઇ હતી, ત્યારે તત્કાલીન સમયના સનાતનીઓને પસંદ પડી નહોતી. સાહિત્યકૃતિની એક એન્ટી બાયોટિક કેપ્સૂલ કેટલાક જૂનવાણીઓને ભારે પડી જતી હોય છે. આ કૃતિની મહત્તા એટલા માટે પણ છે કે ચાર વર્ણોમાં સૌથી શ્રેષ્ઠ બ્રાહ્મણવર્ગની પોલ શ્રી અનંત મૂર્તિએ કલાકીય અંદાજથી ખોલી છે. ગિરીશ કર્નાડે આ કૃતિ પરથી જે સુંદર ફિલ્મ તૈયાર કરી તેણેય ભારતીય પ્રેક્ષકોના દિલો-દિમાગમાં ચિરંજીવી સ્થાન જમાવ્યું.

આ લઘુનવલનાં સર્જકે મુખ્ય પાત્ર પ્રાણેશાચાર્યનાં માધ્યમથી એ વાત સમજાવવાની કોશિશ કરી છે કે પ્રકૃતિને વશ થઇ દરેક જીવ વર્તતો હોય છે. ભલેને તે ગમે તેટલો વિદ્વાન કેમ ના હોય ! સમાજમાં માનવંતુ સ્થાન હોય, પંડિતાઈના લેબલથી સન્માનિત કરવામાં આવ્યા હોય છતાં આવો સુસંસ્કૃત માણસ પ્રસંગોપાત્ત પ્રકૃતિને વશ થઇ જતો હોય છે. વાસ્તવમાં સમાજની સુવ્યવસ્થા માટે જ માણસે સંસ્કૃતિનું જતન-સંવર્ધન કર્યું છે.

પ્રથમ તો પ્રકૃતિનું સર્જન થયું, આપણે આપણી આજુબાજુ નદી,સમુદ્ર,વૃક્ષ,પર્વતો ઈ. જોઈએ છીએ તે પ્રકૃતિ. 'પ્રકૃતિ' ખૂબ વિશાળ અર્થમાં છે. માણસ ક્યારેક સંસ્કૃતિથી દોરવાઈને ચાલતો હોય છે. આ માર્ગે ચાલવા કેટલાક નિયમો બનાવવા પડતા હોય છે. આચારસંહિતા તેમજ અનુશાસન નક્કી થાય છે. ક્યારેક એવું લાગે છે કે, માણસે આ સંસ્કૃતિ પાછળની આંધળી દોટમાં ઘણું બધું ગુમાવ્યું છે. પ્રકૃતિનાં ખોળે કે સાન્નિધ્યે ઉછરવાનું હતું તે ન ઉછરી શક્યા, જેને પરિણામે આપણે ભીતરથી ખંડિત થયા. જો પ્રકૃતિનાં સંગાથે જીવ્યા હોત તો અખંડિત રહ્યા હોત. અહીં પ્રાણેશાચાર્યના જીવનને કેન્દ્રમાં લઈએ તો તેમની ખંડિત જીવનની કથા બની રહે છે. અખંડિત જીવનથી ખંડિત જીવનની કથા એટલે 'સંસ્કાર'. અ સહજ જીવનથી સહજ જીવન તરફ પ્રયાણ કરતી કથા એટલે 'સંસ્કાર'.

જાહેરમાં માણસ સુસંસ્કૃત જણાય છે ને ખાનગીમાં પ્રકૃતિવશ થઇ જીવે છે. અહીં એક માણસનાં બે ભાગ પડ્યા છે. જાહેરજીવન અને ખાનગીજીવન. જાહેરજીવન એ આપણી સંસ્કૃતિ. માણસ આમેય અન્યોની સામે સુસંસ્કૃત હોવાનો દંભ આચરતો હોય છે. એકાંતમાં આપણે સહજ રીતે વર્તન દાખવતા હોઈએ છીએ. જીવન જીવવાની જે મજા સહજમાં છે તેવી અસહજમાં નથી. નામની પાછળ વિશિષ્ટ મોભો જોડાય ત્યારે અને આ મોભો દૂર થાય ત્યારે કેવું જીવન બને છે તે સમજવું હોય તો આ લઘુનવલ વાંચવી રહી. આ લઘુનવલ 'ઓળખની કથા' પણ બની રહે છે.

પ્રાણેશાચાર્ય આ લઘુનવલનું કેન્દ્રસ્થ પાત્ર છે. કાશી જઈ સંસ્કૃતનો અભ્યાસ કરી આવેલા પ્રકાંડ પંડિત. તેમને વેદ-શાસ્ત્ર શિરોમણીનો સરપાવ મેળવ્યો છે. શાસ્ત્રાર્થમાં સ્માર્ત કે મધવા પંડિતોને મહાત કરી સોનાના તારની લેસ મૂકેલી પંદર શાલ અને ચાંદીનાં પાત્ર મેળવ્યા છે. બીજી તરફ જોઈએ તો દુર્વાસાપુરના તેમની સાથે રહેતા બ્રાહ્મણો અરસિક, જડ અને રૂઢીવાદી છે. જાણે કે નકલી હીરાઓની વચ્ચે રહેતો કોહીનૂર હીરો. આ બધા બ્રાહ્મણોને પ્રાણેશાચાર્યમાં ખૂબ શ્રદ્ધા-વિશ્વાસ. તેમના બોલને ઉથાપવાની હિંમત આ વાસનાં એકેય બ્રાહ્મણમાં નથી. બલ્કે એટલું જ નહિ, તેમની વિદ્વતાનાં ગુણગાન આસપાસનાં પારિજાતપુર, કૈમારા, શિવામોગે કે તીર્થહાલી સુધી ગવાતા હતા.

પ્રાણેશાચાર્ય તેમની સાથે રહેતા આ અરસિક બ્રાહ્મણોને વેદ-પુરાણોમાંથી રસિક પ્રસંગો કહી સંભળાવતા હતા. તેમણે લગ્ન કર્યાં ત્યારે સોળ વર્ષના હતા, જયારે પત્ની બાર વર્ષની હતી. તેમણે સમજીબૂઝીને જ આવી અપંગ સ્ત્રી ભાગીરથી સાથે લગ્ન કર્યાં હતા. આ ઉપકાર નીચે દબાયેલા તેમના શ્વસુરે પુત્રીને પોતાના ઘરે રાખી જમાઈને કાશી વિદ્યાભ્યાસ કરવા જવા દીધા હતા. ત્યાંથી તેઓ વેદ અને શાસ્ત્રોમાં પારંગત થઇ પાછા ફર્યાં. માંદી પત્નીની વીસ-વીસ વર્ષ લગી સેવા કરી. ભાગીરથીની સેવા કરવામાં તેમને અનેરો આનંદ મળતો. પત્નીને ઊંચકીને શૌચક્રિયા કરાવવી, સ્નાન કરાવવું, રસોઈ કરવી, ચોખાનું ઓસામણ પીવડાવવું, દવા વાટીને પીવડાવવી. આ તેમનો નિત્યક્રમ હતો. ભાગીરથી તેમને બીજા લગ્ન કરવાનું કહેતી ત્યારે પ્રાણેશાચાર્ય પત્નીની આ વાતને હસી કાઢી કહેતા 'આ ઉંમરમાં કોણ મારી સાથે લગ્ન કરશે?' ભાગીરથી એમની તપોભૂમિ યજ્ઞકુંડી, બ્રાહ્મણત્વની આધારશિલા છે. તેમની માન્યતા છે કે આવી શબવત અને અપંગ સ્ત્રીને પરણવાથી પોતે વધુ પરિપક્વ થશે. આ ઉપરાંત રોજ નિયમિતપણે ભગવાનની પૂજા કરવી, એક મહિને ગાયત્રી મંત્રનો અમુક સંખ્યામાં જાપ કરવો, પછીના મહીને એ સંખ્યામાં થોડો ઉમેરો કરવો, એકાદશીને દિવસે થોડા વધુ મંત્રોનાં જાપ કરવા, રુદ્રાક્ષની માળાનાં મણકા જેમ ફરે જતા તેમ તેમનું તપ વધતું જતું હતું.

આ તો વાત થઇ ઉચ્ચ સંસ્કાર ધરાવનાર બ્રાહ્મણની. આ જ વાસમાં બીજો એક બ્રાહ્મણ, 'કહેવાતો' બ્રાહ્મણ નારણપ્પા રહે છે. તે બધી રીતે પૂરો છે. તેણે ચંદ્રી નામની શુદ્ર સ્ત્રીને રખાત તરીકે રાખી છે. નિત્ય દારૂ અને માંસનું સેવન કરવાનો શોખીન. માં-બાપનું શ્રાદ્ધ પણ કદી કરતો

નથી. પત્ની મૃત્યુ પામે છે, ત્યારે તેના અગ્નિદાહ વેળા હાજર રહેતો નથી.ગણેશ મંદિરનાં તળાવની માછલીઓ જે ખાય તેને લોહીની ઊલટી થઇ મરી જાય તેવી લોકમાન્યતા છે તેને તે પડકારે છે. તળાવની માછલીઓ લાવી તળીને ખાય છે. વાસમાં રહેતા અન્ય બ્રાહ્મણો જયારે તેને જ્ઞાતિ બહાર મૂકવાની વાત કરે છે, ત્યારે સામે ધમકી આપી કહે છે. 'જો મને જ્ઞાતિ બહાર મૂકશો, તો હું મુસલમાન થઇ જઇશ.' ધમકીને વશ થઇ બિચારા બ્રાહ્મણો વિચારે છે કે મુસલમાન સાથે રહીએ તો આપણી પવિત્રતા કેવી રીતે ટકી શકે?

આટ-આટલી મર્યાદા હોવા છતાં નારણપ્પા નાટક-તમાશાનો ભારે શોખીન. ગમે તેટલો દારૂ ઢીંચ્યો હોય તોય તબલાની થાપ ન ચૂકે. એણે એક હાર્મોનિયમ પારિજાતપુરની નાટકમંડળીને દાનમાં આપ્યું છે. એના સાથ-સહકારથી જ 'પારિજાત નાટ્યમંડળી' અસ્તિત્વમાં આવી છે. લક્ષ્મણાચાર્યનો ઘરજમાઈ શ્રીપતિ આ નાટ્યમંડળીનો સભ્ય છે. નારણપ્પા પર વધારે દ્વેષ ગરુડાચાર્ય અને લક્ષ્મણાચાર્યને છે. કેમ કે-ગરુડાચાર્યના પુત્ર શ્યામને ઊશ્કેરીને લશ્કરમાં ભરતી થવા પ્રોત્સાહીત નારણપ્પાએ કર્યો હતો. લક્ષ્મણાચાર્યનો ઘરજમાઈ શ્રીપતિ નારણપ્પાનાં સંગે રંગાઈને જ તેની પત્ની લીલાવતીને ત્યાગી પારિજાતપુરની નાટ્યમંડળીમાં ભર્યો હતો.

નારણપ્પાને બ્રાહ્મણવર્ગની પોલી ખોખલી માન્યતાઓનો પુરેપુરો પરિચય છે, માટે તેમની આવી ખોખલી-નમાલી વાતોમાં તે આવતો નથી. તે અન્ય બ્રાહ્મણોથી જુદી રીતે ચાલે છે. બેપરવાઈથી જીવે છે. જેને જે કહેવું હોય તે કહે, એને જે કરવું છે તે કરીને જ રહે છે. તેને લોકનિંદાની કંઈ પડી નથી. જીવનને લિજ્જતથી માણે છે. તેને એકમાત્ર પ્રાણેશાચાર્ય પર આદર ભાવ છે.

આ લઘુનવલનો આરંભ થાય છે, ત્યારે નારણપ્પાનું મૃત્યુ થઇ ચૂક્યું છે. સર્જકની સિદ્ધિ એ છે કે આ પાત્ર મૃત્યુ પામ્યા હોવા છતાં વાચકોના મન પર સતત છવાતું જાય છે અને પ્રાણેશાચાર્યનું પાત્ર ક્રમશઃ સત્વહીન બનતું જાય છે. સતત મરતું રહ્યું છે. નારણપ્પાના મોજભર્યા જીવનની તુલનાએ સતત જ્ઞાનસંવર્ધનની ખેવના ધરાવનાર તેમજ પત્ની ભાગીરથીની સેવામાં જે તપનો-પુણ્યનો પ્રભાવ છે, તેવું માનનાર પ્રાણેશાચાર્યનું  જીવન અ-રસિક જણાય છે. આ બંને પાત્રના માધ્યમથી લેખકે 'સાચુ' જીવન કયું ? સાચો માર્ગ કયો ? તે વિચારવા ભાવકોને પ્રેરતા હોય તેવું જણાય છે.

નારણપ્પા પ્લેગને કારણે મૃત્યુ પામે છે. તેની રખાત ચંદ્રી સૌ પ્રથમ આ સમાચાર પ્રાણેશાચાર્યને આપે છે. ચંદ્રીને પ્રાણેશાચાર્યમાં વિશ્વાસ છે કે નારણપ્પાના અગ્નિસંસ્કાર ઉચિત રીતે કરાવશે. વાસમાં રહેતા અન્ય બ્રાહ્મણોની સાથે તેને વાકું પડ્યું હતું. ધીમે ધીમે નારણપ્પાનાં મૃત્યુની જાણ બધા બ્રાહ્મણોને થાય છે. ભોજનની વેળા હતી માટે કોઈ બ્રાહ્મણ જમી શકતો નથી. માન્યતા એવી કોઈ બ્રાહ્મણ અગ્નિસંસ્કાર વિના જમી ના શકે. અહીં સમસ્યા વધારે ગૂંચવાતી દર્શાવી છે. પ્રશ્ન એ ઊભો થાય છે કે અગ્નિસંસ્કાર કોણ કરે ? વાચકોના મનમાં કુતૂહલ પેદા થાય

છે કે અગ્નિસંસ્કાર પ્રાણેશાચાર્ય કરશે ? ચંદ્રી કરશે ? દૂરનો સગો થતો ગરુડાચાર્ય કરશે ? કે પછી પારિજાતપુરના થોડા નીચા જણાતા સ્માર્ત બ્રાહ્મણો કરશે ? કૃતિનું શીર્ષક 'સંસ્કાર' ખરેખર વ્યંજનાસભર બન્યું છે. શ્રી અનંતમૂર્તિએ આ આખી વાત જે રીતે આરંભી છે એને જોતા એમની કળાનાં જુદાજુદા પરિમાણો વાચકની નજર સમક્ષ પ્રગટવા લાગે છે. નારણપ્પાના મૃત્યુએ સર્જેલી પરિસ્થિતિ હવે વામનમાંથી વિરાટ સ્વરૂપ ધારણ કરે છે.

દુર્વાસાપુરનો કોઈ બ્રાહ્મણ અગ્નિસંસ્કાર કરવા તૈયાર થતો નથી. ચંદ્રીને વિચાર આવે છે કે જે માણસ સાથે દસ વર્ષ સુધી મોજ માણી હોય એ માણસના મુડદાને દાહ આપ્યા વગર ક્યાં સુધી રહેવા દેવાય ? એમ વિચાર કરી પોતાના સોનાનાં ઘરેણાંનો ઢગલો કરી પ્રાણેશાચાર્ય સમક્ષ આવી કહે છે, "અગ્નિદાહનો બધો ખર્ચ આમાંથી નીકળી જશે." ઘરેણાં જોઇને પછી તો એક પછી એક બ્રાહ્મણો અગ્નિસંસ્કાર કરવા માટે તૈયારી દર્શાવે છે. પ્રાણેશાચાર્ય વાત વણસતી જોઈ લઇ આ સઘળી બાજી પોતાના હાથમાં લઇ ઉકેલ આપતા કહે છે, 'શાસ્ત્રવચન શું કહે છે તે હું જાણી લઉં પછી કોણ અગ્નિસંસ્કાર કરે તે આપણે નક્કી કરીએ.'

રાત પડી ગઈ. ભૂખ્યા ડાંસ બ્રાહ્મણો 'અગ્નિસંસ્કાર ન થાય ત્યાં સુધી જમી શકે તેમ નથી. લેખકે આ ભૂખાળવા બ્રાહ્મણોની મનોવૃત્તિઓના સ-રસ વર્ણનો કર્યા છે. આમાંનો એક દશાચાર્ય નામનો બ્રાહ્મણ, જેનાથી ભૂખ સહેવાતી નથી તે પારિજાતપુર જઈને કોઈને ખબર ન પડે તેમ જમીને આવે છે. જેટલો નારણપ્પા કામપ્રેમી હતો, તેટલો જ દશાચાર્ય અન્નપ્રેમી જણાય છે. પ્રકૃતિની આ વાત છે. ચંદ્રી વાડીમાં જઈ કેળા ખાઈને આવે છે. તેને તો ખ્યાલ પણ નથી કે શબ પડ્યું હોય તો જમાય નહીં ! પોતાના પ્રિયતમ નારણપ્પાના મૃત્યુને તે બહુ સહજ રીતે લે છે.

રાતભર પ્રાણેશાચાર્ય શાસ્ત્રો વાંચે છે, પણ કંઈ ઉકેલ મળતો નથી. ઓટલા પર સૂતેલી ચંદ્રી માટે તેમના હ્રદયમાં અનુકંપા જન્મે છે. તેની પાસે જઈ ઘરેણાં સોંપીને કહે છે, 'આ ઘરેણાં લઇ લે, નારણપ્પા તો ઠીક, ગુજરી ગયો છે. પણ તારે તો હજી આખી જિંદગી કાઢવાની છે.' બીજી તરફ બ્રાહ્મણોની ઘરેણાં મેળવવાની હોડ જામતી જોઇને એ વ્યથિત થઇ ઊઠે છે.

સવાર પડે છે. શાસ્ત્રોમાં કોઈ સમાધાન મળતું ના હોવાથી મારુતિનંદનનાં મંદિરે જઈ નિર્ણય લેવાની વાત વાસનાં બ્રાહ્મણોને કરે છે. વાસનાં બ્રાહ્મણો પણ ભૂખથી અકળાયા છે. પ્રાણેશાચાર્ય મારુતિનંદનનાં મંદિરે જઈ મૂર્તિ પર ડાબી બાજુનું ફૂલ અને જમણી બાજુનું ફૂલ મૂકી શ્રદ્ધા દાખવે છે કે જો ડાબી બાજુનું ફૂલ પડે તો અગ્નિસંસ્કાર કરવા અને જમણી બાજુનું પડે તો ના કરવા !! કમનસીબે એકેય બાજુનું ફૂલ પડતું નથી.

દિવસભર પ્રાર્થના-પૂજા કરે છે. સાંજ પડી મૂકી છે. પ્રાણેશાચાર્યને કોઈ ઉકેલ મળતો નથી. વિચારે છે- ભાગીરથીને ભાતનું ઓસામણ આપવાનો સમય થઇ ગયો છે. પૂરા દિવસ દરમ્યાન આજે ભાગીરથીની કંઇ સેવા ના થઇ શકી ! અંધકાર છવાય તે પહેલા પ્રાણેશાચાર્ય મંદિરેથી ઘરે આવવા નીકળે છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

બીજી તરફ પોતાની આટલી ચિંતા કરનાર પ્રાણેશાચાર્ય માટે ચંદ્રીના હ્રદયમાં અનુકંપા જન્મે છે. બાળપણમાં માએ પ્રાણેશાચાર્યને જોઇને કરેલી વાતોનું પણ સ્મરણ થાય છે. મહાપુરુષ દ્વારા ગર્ભ ધારણ કરીએ તો ભાગ્યશાળી કહેવાઈએ. પ્રાણેશાચાર્ય મંદિરેથી ઘર તરફ જઈ રહ્યા છે ત્યારે માર્ગમાં જ આચાર્ય પાસે આવી તેમના પગ પકડી જોરથી વળગે છે. ચંદ્રીના સ્તનનો સ્પર્શ થતાં આચાર્ય ઉત્તેજના અનુભવી ચંદ્રી સાથે સંભોગ કરી બેસે છે. ચંદ્રીને ભોગવ્યા પછી પ્રાણેશાચાર્યને એક ઉત્કટ-ગહન ઇન્દ્રિયાનુભુતિનો પરમ આસ્વાદ થયો. આવી આનંદની અનુભૂતિ તેમણે અગાઉ ક્યારેય અનુભવી નહોતી. આ આનંદની ક્ષણ તેમના ચિત્તનો કબજો લઇ લે છે. ત્યાર પછીના સઘળા પ્રસંગોમાં જોઈએ છીએ કે પ્રાણેશાચાર્ય આ ઘટનાને એક યા બીજા રૂપે સતત મમળાવે છે. ચંદ્રીને ભોગવ્યા પછી જેને પ્રભુની પ્રસાદી માનતા તે ભાગીરથી વાસી લાગે છે. લેખકની સંયોજના એટલી સર્વોત્તમ છે કે પ્રકૃતિનાં સાન્નિધ્યમાં એક પુરુષ અને સ્ત્રી આનંદની ક્ષણો માણે છે. મંદિર અને ઘરની વચ્ચે ભર્યા ભર્યા વનમાં. અહીં સંસ્કૃતિની સામે પ્રકૃતિ કેવી તો ચઢિયાતી લાગે છે !

ચંદ્રીએ આપેલો આનંદ પ્રાણેશાચાર્યને અનુપમ લાગે છે. જિંદગીમાં પહેલી જ વાર તેમને સૌન્દર્ય અને કુરૂપતાનો ભેદ સમજાય છે. ભાગીરથીનું નળિયા જેવું નાક, ચીમળાયેલી છાતી, વાળની ટૂંકી ચોટલી જોઇને ત્રસ્ત થઇ ઉઠે છે. ‘ ક્યાં આ માંદલી સ્ત્રી અને ક્યાં પેલી સુસ્તના ?’ જેવા વિચારો તેમનો પીછો છોડતા નથી.મનમાં વિચારે છે કે આમાંથી છૂટવા માટે નારણપ્પા જેવી હિંમત જોઈએ. વાંસમાં જઈને ચંદ્રીને કહી દઈશ, જે બન્યું તે વાંસના બ્રાહ્મણોને જણાવી દે.

પ્રાણેશાચાર્ય વાસમાં પાછા ફરીને બ્રાહ્મણો સમક્ષ આ સમસ્યાનો ઉકેલ શોધવાની પોતાની અસમર્થતા જાહેર કરે છે. બ્રાહ્મણોને તો આ જોઈતું જ હતું. પત્ની અને બાળકોને તેમના પિયર પહોંચાડવાની વ્યવસ્થા કરી આ વાસના બ્રાહ્મણો ઉકેલ માટે કૈમારાનાં પંડિત સુબ્બાનાચાર્ય પાસે જાય છે. હજી સુધી આ બ્રાહ્મણોને ખ્યાલ આવતો નથી કે વાસમાં પ્લેગ ફેલાયો છે. વાસમાં એકલા પ્રાણેશાચાર્ય છે. પત્ની ભાગીરથી પ્લેગના ભરડામાં આવી મૃત્યું પામે છે. પ્રાણેશાચાર્ય કૈમરા પહોંચી ચાર બ્રાહ્મણોને લઇ આવી ભાગીરથીનાં અગ્નિસંસ્કાર કરે છે. તેમની જિંદગીની તપોભૂમિ પંચમહાભૂતમાં વિલીન થતી એ જોઈ રહે છે. પત્નીના અગ્નિસંસ્કાર તો કર્યા કિન્તુ નારણપ્પાના અગ્નિસંસ્કાર કરવાની વાત મનમાં જ રહી જાય છે. શું આ પ્રબુદ્ધ માણસની મર્યાદા કહેવાશે ? રૂઢીજડતા ને ધર્મજડતાના કોઠાને ભેદવામાં પ્રાણેશાચાર્ય નિષ્ફળ સાબિત થાય છે. તેમને વાસનું જીવન ઊલટ-સુલટ કરી નાખવામાં નારણપ્પા નહિ, પણ પોતે જવાબદાર હોવાની પ્રતીતિ થાય છે.

સુબ્બાનાચાર્ય પણ નારણપ્પાનાં અગ્નિસંસ્કાર કરવા અંગે નિર્ણય લઈ શકતા નથી. ત્યાંથી બ્રાહ્મણો મઠમાં જઈ મઠાધિપતિ જે નિર્ણય કરે તેને શિરોમાન્ય ગણવાનું નક્કી કરે છે. માર્ગમાં દશાચાર્ય અને પદમાનાભાચાર્યનું પ્લેગને કારણે મૃત્યું થાય છે. અહીં મઠાધિપતિ પણ લાલચુ

અને દંભી દર્શાવ્યો છે. નારણપ્પા સંદર્ભે તેનો નિર્ણય જુઓ : 'નારણપ્પાએ જે અભદ્રતા આચરી હતી, તેના શુદ્ધિકરણરૂપે તેની બધી સંપત્તિ, ઘરવખરી, સોનું-રૂપું ઈ. શ્રીકૃષ્ણને-મઠને સમર્પિત કરી દેવું જોઈએ.'

ચંદ્રીને આ વિકટ પરિસ્થિતિનો ખ્યાલ આવી ગયો છે. નારણપ્પાના દેહને અગ્નિસંસ્કાર કરવા કોઈ તૈયાર થતું નથી. પ્રાણેશાચાર્ય પાસે પણ આનો કંઈ ઉકેલ ના જણાતા રાત્રિના મુસલમાનોનાં મહોલ્લામાં જઈ માછલીનો વેપાર કરતા અહમદ બારીને જગાડીને નારણપ્પાના શબ અને લાકડાં ગાડામાં નાખી સ્મશાન પહોંચી અગ્નિસંસ્કાર કરાવે છે. પ્રાણેશાચાર્યની ચરણરજ લઇ માથે ચડાવવાની એની અદમ્ય ઈચ્છા મહાપ્રયત્ને રોકી કુન્દાપુર જાય છે.

લઘુનવલનો અંતે જોઈએ તો- પ્રાણેશાચાર્ય નિભ્રાન્ત થઇ સાચા અસ્તિત્વની ખોજમાં નીકળી પડે છે. માર્ગમાં મલેરા જાતિનો પુત્તો ગયા જન્મનાં પાપની જેમ ચોંટી પડે છે. પુત્તાથી છુટવાની ઘણી કોશિશ પ્રાણેશાચાર્ય કરે છે, કિન્તુ સદંતર નિષ્ફળ જાય છે. પુત્તો તેમનો સહવાસી બની રહે છે. પુત્તો જે વિશ્વ બતાવે છે એને આચાર્ય સૂક્ષ્મતાથી સંવેદે છે.આવા જગતથી તેઓ સાવ અલિપ્ત હતા, અપરિચિત હતા. આ એવા વિદ્વાન બ્રાહ્મણ છે જેને જોઈએ બધા બ્રાહ્મણો આદર-સત્કાર કરે. પુત્તાની સાથે ચાલતા-અનુસરતા પ્રાણેશાચાર્ય સાધારણ બની જાય છે. પુત્તાની સાથે તેઓ મેળો માણે છે. ગિરદીમાં કોફી પીએ છે. બજાણિયાનો ખેલ, બે કૂકડાનો ખેલ જૂએ છે, સાધારણ માનવીની જેમ. આ દરેક પ્રસંગમાં તેઓ પ્રકૃતિ તરફ પાછા વળે છે, તો બીજી તરફ સંસ્કૃતિનો ધક્કો પણ અનુભવે છે. પ્રાણેશાચાર્યને થાય છે કે હું પહેલાનો પ્રાણેશાચાર્ય બની રહું ? કે પછી નારણપ્પાની જેમ જીવન જીવું ?

પુત્તો સાવ સીધો સાદો માણસ છે. નથી તેને પંડિતનું લેબલ કે નથી તેને કલાકારનું લેબલ. પુત્તો જાણે કે આચાર્યના આંતરિક મનનાં વિચારો બહાર લાવવા નિમિત્તરૂપ બને છે.

મેળામાં બ્રાહ્મણો માટેના ભોજનની વ્યવસ્થા મંદિરમાં હતી. પુત્તો તેમને મંદિરમાં ભોજન કરી આવવા સમજાવે છે. પંગત પડી ચુકી છે. એક જગ્યા બાકી હતી ત્યાં એક બ્રાહ્મણ કિંકર્તવ્યમૂઢ એવા પ્રાણેશાચાર્યનો હાથ પકડી જમવા બેસાડે છે. પોતાનો પરિચય આપી દીકરીનાં લગ્નની વાત છેડતા કહે છે. 'અમારે એક દીકરી છે. પરણવા જેવડી છે. એકાદ વર્ષમાં પુખ્ત થઇ જશે. માસિકમાં પણ આવી જશે. આભડે એ પહેલા જ અમે તો દીકરીનાં લગ્ન કરી નાખીએ. અમે હજુ કંઈ એવા અધમ નથી થયા કે સુધારામાં માનીએ.' આ પ્રસંગ દ્વારા સર્જકે નાની વયમાં દીકરીનાં લગ્ન કરવાના કુરિવાજનો ઉલ્લેખ કર્યો છે.

પોતાની વિશિષ્ટ ઓળખ છતી ના થઇ જાય એ રીતે મોઢું નીચું રાખી પ્રાણેશાચાર્ય જમે છે. પીરસનારામાંથી કોઈ એક જણ તેમને ઓળખી જાય છે ત્યારે તેઓ વીજળીની ઝડપે ઊઠી, કૂદી પંગત વટાવી દોડે છે.

લઘુનવલનો અંત ઘણી અર્થછાયાઓ પ્રગટ કરે છે. એક સિગરામ દૂરથી આવી રહી છે. સિગરામમાંથી એક સ્માર્ત બ્રાહ્મણનું ડોકું બહાર નીકળે છે. એના શરીર પર સોનેરી કોરની શાલ વીંટાળી હતી. દુર્વાસાપુર જતા સિગરામમાં માત્ર એકની જ જગ્યા હતી. પુત્તો પ્રાણેશાચાર્યને સિગરામમાં બેસાડે છે. પૈડા ફરે છે. ધૂળ ઉડે છે. પુત્તો અદ્રશ્ય થઇ જાય છે, તેની સાથે પ્રાણેશાચાર્ય પણ અદ્રશ્ય થઇ જાય છે.

આ લઘુનવલને અંતે લેખકે મૂકેલો પ્રશ્નાર્થ ખૂબ મહત્વનો છે : "આ બધાની વચ્ચે પ્રાણેશાચાર્યે નિર્ણય લેવાનો હતો : પચીસ વર્ષથી ચાલતી આવતી તપોમય જિંદગી જીવવાનો કે આ જગતના દુન્યવી આદમી થઇ નવજીવન જીવવાનો ?" પ્રાણેશાચાર્ય પોતાના જીવનની શરૂઆત કેવી રીતે કરશે ? તે પ્રશ્ન છેડીને સર્જકે કૃતિને પૂર્ણ કરી છે.

"સંસ્કાર" માં પ્રાણેશાચાર્યનાં જીવનની દિશા બદલનારી જો મુખ્ય ઘટના હોય તો તે છે ચંદ્રી સાથેનો સંભોગ. જેને કારણે પ્રાણેશાચાર્યનો અત્યાર સુધીનો ભવ્યાતિભવ્ય ભૂતકાળ ધ્રૂજી ઊઠે છે. તેમની સમગ્ર ઓળખ ધરાર બદલાઈ જાય છે. ચંદ્રી તો કુંદનપુર જતી રહે છે, પણ પ્રાણેશાચાર્ય વનમાં જઈ ચંદ્રી સાથે જે ઘાસ પર સૂતા હતા, તે ઘાસના તણખલા તોડી સૂંઘે છે. સુમધુર સ્મરણોને તાજા કરે છે. તેમનામાં હવે સામાન્ય માણસોની જેમ કેટલુંક છુપાવીને પોતાના હિતોનું રક્ષણ કરવાનો ભાવ જાગી ઊઠ્યો હતો. તેમને એ સત્ય પણ મોડે મોડે સમજાયું કે આખરે માણસે બેવડાં ધોરણોથી જીવવું પડતું હોય છે. આ કૃતિમાં કોઈ પ્રસંગે પ્રાણેશાચાર્ય કહે છે કે, 'હું જયારે-જયારે નારણપ્પાને જોતો ત્યારે-ત્યારે મને આ મહાબલા યાદ આવતો.' મહાબલા પ્રાણેશાચાર્યનો સહાધ્યાયી હતો. ખૂબ જ હોંશિયાર. એવો હોંશિયાર ગુરુ બીજું પદ સમજાવતા હોય ત્યાં એ ત્રીજું પદ કહી સંભળાવતો ! મહાબલા જ્ઞાનને માર્ગેથી ખસીને વેશ્યાગમન તેમજ વ્યસનના માર્ગે આગળ વધી આ જગતમાં ક્યાંક અદ્રશ્ય થઇ જાય છે !

પ્રાણેશાચાર્ય, મહાબલા અને નારણપ્પા ત્રણેય અલગ-અલગ વ્યક્તિત્વો છે. લેખક પ્રગટપણે કહેતા નથી પણ વાસ્તવમાં મજ્જાગત રીતે આ ત્રણેય પુરુષો એક જ છે. પ્રકૃતિને વશ થઇ આ ત્રણેય પાત્રો ચાલ્યા છે.

ચંદ્રીનું પાત્ર ખૂબ આકર્ષક-પ્રભાવક રીતે લેખકે પ્રયોજ્યું છે. એ વેશ્યાની પુત્રી હોવા છતાં સરળતા અને નિખાલતાનાં ગુણોથી યુક્ત છે. દંભ તો તેનામાં સહેજ પણ નથી. નારણપ્પાનાં અગ્નિદાહ વગર બ્રાહ્મણો નથી જમતા, ત્યારે ચંદ્રી ભૂખ લાગવાથી કેળા ખાય છે. તેને કંઈ અજૂગતું લાગતું નથી. અગ્નિસંસ્કાર માટે બ્રાહ્મણો એકમત થતા નથી ત્યારે સઘળી પરિસ્થિતિ સમજી મુસલમાનને પૈસા ધરી ગાડામાં નારણપ્પાનું શબ અને લાકડાં મૂકી સ્મશાને જઈ અગ્નિસંસ્કાર કરી પોતાનું કર્તવ્ય બજાવે છે.

સર્જકે અહીં બેલ્લી, પદ્માવતી જેવી નીચા વર્ણની સ્ત્રીઓમાં જીવન જીવવા માટેની જે સચ્ચાઈ અને સાહજિકતા દાખવી તે બ્રાહ્મણસ્ત્રીઓમાં દાખવી નથી. ઊલટું બ્રાહ્મણવર્ગની તમામ સ્ત્રીઓની

'દેહસમૃદ્ધિ' રમૂજ ઊપજે તેવા રૂપકોથી નવાજી છે. ઉદા. તરીકે જોઈએ તો- 'ઠીંગણી, બેઠા ઘાટની બરણી જેવી', 'બંને બાજુથી સપાટ લાકડા જેવી', 'ગાલમાં ખાડાવાળી, અમળાઈને સૂકાઈ ગયેલી છાતીવાળી', 'સુરુ અને સાંભારથી ગંધાતા મોંવાળી બામણની છોકરી .' જ્યારે ચંદ્રીનું નિરૂપણ વાત્સ્યાયને એમના કામશાસ્ત્રમાં વર્ણવેલી અસલ નાયિકા જેવી, લાંબી આંગળીઓવાળી અને મોટા ભરેલાં સ્તનોવાળી તેમજ રવિ વર્માના 'મત્સ્યગંધા' ના ચિત્ર જેવું અનુપમ સૌન્દર્ય દર્શાવ્યું છે. ચંચળ આંખોવાળી પદ્માવતીનું ચિત્ર જુઓ :

"માથાબોળ નાહીને સૂકવેલા લાંબા છુટ્ટા વાળ, કેળના સ્થંભ જેવી માંસલ જાંઘો, ગોળ નિતંબ, અજબ પ્રકારની ચમક ધરાવતી લાંબી ગોળ આંખો, પૂર્ણ વિકસિત અને શ્વાસોશ્વાસની ગતિ સાથે છાતી સંગ ઉપર-નીચે થતાં.. સ્તન, જંગલી સાર્સાપરીલાની માદક ગંધ, ઊડતા આગિયાની તણખા જેવી ચમક.' અહીં શ્રી. અનંતમૂર્તિનો બ્રાહ્મણવર્ગની સ્ત્રીઓ પરત્વેનો આક્રોશ થોડો વધુ પડતો જણાય છે.

યુ.આર. અનંતમૂર્તિની સંવાદકલા ધ્યાનાકર્ષક છે. પ્રાણેશાચાર્ય અને નારણપ્પા, પુત્તો અને પ્રાણેશાચાર્ય વચ્ચેના સંવાદો પ્રભાવક રહ્યા છે. ઉદાહરણરૂપ પ્રાણેશાચાર્ય અને નારણપ્પા વચ્ચનો સંવાદ જોઈએ :

નારણપ્પા : "આ તમારી પંડિતાઈ અને ચોખલાઈ બેમાંથી એકે ચાલવાનાં નથી. હવે કોંગ્રેસ સરકારનું રાજ છે. આ બધાં તમારા મંદિરો અને કૂવાઓ બધું હરિજનો માટે ખુલ્લું મૂકી દેવું પડશે, સમજ્યા ?"

આચાર્ય : "આ બધું કરવાથી તને શું મળવાનું છે ? શ્યામને ભગાડી મૂક્યો. શ્રીપતિને એની પત્નીથી અલગ પાડી દીધો. આવું ન કર. આ સારું નથી !" આના જવાબમાં એણે અટ્ટહાસ્ય કર્યું હતું અને કહ્યું હતું : "અરે, આચાર્યજી, બંને બાજુએથી સપાટ લાકડા જેવી છોકરી શો આનંદ આપે ? અને કોણ શય્યાસુખ માણી શકે એવી છોકરી સાથે ? એ છોકરી તમારા કોઈકની કંઇક સગી થાય છે માટે ગમે તેને ગળે ઘંટ બાંધી દેવાનો તમને બધાને હક્ક તો નથી મળી જતો ને ? અને એવી ગાંડી, ફૂવડ છોકરીને મૂકી કોઈ ભણી જાય તો એમાં તમારો કયો ધર્મ લોપાય છે? અને જો લોપાતો હોય તો એવો ધર્મ તમે સાચવીને બેઠા રહો ! અમને તો એક વખત આ જન્મારો મળ્યો છે એટલે અમે તો મોજ કરવાના !"

* - * - * - * - * - * - * - * - * - *

સતત બ્રાહ્મણવાસની ચિંતા કરતા પ્રાણેશાચાર્યને એ (નારણપ્પા) કહી દે છે, "સાંભળો આચાર્યજી, પહેલાં પણ હું કહી ચૂક્યો છું અને ફરીથી પણ કહું છું કે હું તમારા આ બામણાઓનો નાશ કરીને જ જંપીશ. દુ:ખ મને એ વાતનું છે કે તમારા સિવાય કોઈ પણ બ્રાહ્મણ પવિત્ર નથી

આ વાસમાં ! પેલો ગરુડો કે લક્ષ્મણણો કે દુર્ગો ભટ્ટ, આ બધા તે કંઈ બ્રાહ્મણો છે ? સાલા નીચ છે બધા. જો એ બધા સાથે સંબંધ રાખ્યો હોતને મેં, તો પેલો ગરુડો તો મને ક્યારનોય 'અપનાય સ્વાહા' કરીને પી ગયો હોત અને પેલો લક્ષ્મણણો પૈસાનો તો એટલો લાલચુ છે કે એ પાજી છાણમાં પડેલો રૂપિયો ચાટીને પણ ગજવામાં મૂકી દે."

લેખકની વર્ણનકલા પણ નોંધપાત્ર છે. બે-ત્રણ દ્રષ્ટાંતો દ્વારા લેખકની સર્જકતાના કલાકીય અંશો માણીએ. વાસમાં ફેલાયેલા પ્લેગની અવદશાનું વર્ણન અને કથાન્તે કરેલું મેળાનું વર્ણન ધ્યાનાકર્ષક બની રહે છે.

- 'કોઈ બેશરમ સગાની જેમ ગરુડાના બોલને કે અવાજને તુચ્છ ગણતું ગીધ ત્યાં બેસી રહ્યું અને મજેથી મરેલા ઉંદરની મિજબાની ઉડાવતું રહ્યું.'
- 'બધા જ બ્રાહ્મણોએ એમનાં ઉપરણા હાથમાં લઇ માથા પર ગોળ-ગોળ ફેરવવા અને મોટે મોટેથી "હું", "હું" અને "શુઉ" , "શુઉ" કરીને ઘાંટા પાડવા માંડ્યા. એમની પત્નીઓ અને બાળકો પણ આ કોરસમાં ભળ્યા, પરંતુ ગીધડાં તો નિર્વિકાર, નિર્લેપ, નિશ્ચિંત ભાવે એમની ઉંદરોની મિજબાની માણવામાં મસ્ત જ રહ્યા.'

હવે જૂઓ મેળાનું વર્ણન. લેખકની ઝીણવટભરી નજર ક્યાં ક્યાં પહોંચી છે !!

'ચારે બાજુથી પીપૂડાંના અવાજ, કાન કાણા કરી નાખે એમ આવતા હતા. ગામના દરેક છોકરાના હાથમાં અલગ-અલગ પ્રકારનાં પીપૂડા હતાં અને એ દરેકમાંથી અલગ-અલગ પ્રકારનાં અવાજો આવતા હતા. મા-બાપનો તો જીવ જરા પણ ચાલતો ન હતો. આવાં પીપૂડાં પાછળ એક દોકડો પણ ખરચવાનો, પણ છોકરાઓની હઠ અને રોક્કળ પાસે એ લોકો લાચાર હતા. પીપૂડાંના અવાજ સાથે હરીફાઈ કરતાં હોય તેમ ચારે બાજુથી કપૂર અને અગરબત્તીના ધુમાડા આંખને અને સુગન્ધ નાકને ભરી દેતા હતા. નવાં કપડાંની ઝાકઝમાળ પણ જોવા જેવી હતી. ફુગ્ગા વેચવાવાળાનો અવાજ અને ફૂટતા ફૂગ્ગાનો અવાજ બંને એકબીજામાં મળી જઈ કંઈ ત્રીજા જ પ્રકારનો અવાજ કરતા હતા.'

શ્રી. અનંતમૂર્તિની ભાષાશૈલી ઓજસ્વી જણાય છે. તેમની શૈલીમાં કોઈ આડંબર જણાતો નથી. સરળતા અને પ્રાસાદિકતા તેમની શૈલીના મુખ્ય ગુણો, ગરુડાચાર્યની "કાં, કેમ બોલ્યા નહીં ?" વાળી વાક્યરચના એનું typed વ્યક્તિત્વ છતું કરે છે. શ્રેષ્ઠ અનુવાદક તરીકેનું કાર્ય હસમુખ દવેએ કર્યું છે. 'ગરુડાએ પત્નીને તો ડારી દીધી ? 'ડારી દીધી' વાક્યરચના કેટલી તો સ-રસ રીતે પ્રયોજી છે. ઉત્પ્રેક્ષા અલંકારનું સૌંદર્ય જોઈએ તો – 'શિવજીના ક્રોધાગ્નિથી ભભૂકતા ત્રીજા નેત્રની જેમ મધ્યાહ્નને બે વાગ્યે સૂર્ય જાણે આગ ઓકતો હોય એટલી ગરમી ચારે બાજુ ફેલાઈ ગઈ હતી.' ઉપરાંત 'એમના છાપરા પર બેઠેલા ગીધે કોઈ ભરતનાટ્યમ કરતી નૃત્યાંગનાની અદાથી ડોક આમતેમ ધુમાવી.' આવું આલંકારિક વર્ણન દાદ માગી લે તે રીતે પ્રયોજ્યા છે.

Samvid Multidisciplinary Research Journal
Where researchers meet their destiny...
ISSN 2582-015X

લેખકની ભાષાસમૃદ્ધિનું અન્ય એક દ્રષ્ટાંત જોઈએ, જેની સરખામણી રમણભાઈ નીલકંઠનાં ભાષાસામર્થ્ય સાથે કરીએ.

'રિહસર્લ પૂરું થયું કે નાગરાજાએ ગણેશને આંખ મારી, ગણેશે સ્ત્રીઓનો જ પાઠ કરતા મંજૂનાથને ચૂંટી ખણી, મંજૂનાથે મલેરા જાતિના ગંગન્નાને ઈશારો કર્યો અને ગંગનાએ શ્રીપતિના ધોતિયાનો છેડો ખેંચ્યો. આવા છાના-છપના સંમતિ સૂચક ઈશારાઓ થઇ ગયા એટલે બાકીના કલાકારોને છૂટ્ટી અપાઈ ગઈ.'

"ભદ્રંભદ્ર" હાસ્ય-કટાક્ષનવલકથામાં રમણભાઈ નીલકંઠે માધવબાગની સભામાં જે ધક્કામુક્કી થાય છે તેનું વર્ણન કરતા કહ્યું છે, 'ઊભેલા બધા ગબડી પડ્યા. ભદ્રંભદ્રની પાઘડી સૂર્યદેવનું દર્શન કરવા આકાશ ભણી ઊડી. પછી પૃથ્વીમાતા તરફ નીચે આવી. ભદ્રંભદ્ર પણ તે જ દિશામાં પ્રથમ પગ ઊંચા કરી, અધ્ધર ચક્કર ફરી જમીન ભણી વળી નીચે આવ્યા. તેમની ઉપર બીજા પડ્યા. ઊભેલા પડી જવા લાગ્યા. પડી ગયેલા ઊભા થવા લાગ્યા. કચરાયેલા બૂમો પાડવા લાગ્યા. નહિ કચરાયેલ તાળીઓ પાડવા લાગ્યા. પાસેના હસવા લાગ્યા, આઘેના ઘસવા લાગ્યા.'

શ્રી અનંતમૂર્તિની ભાષાકરામત જુઓ. ભાષાસમૃદ્ધિના આવા ચમકારાં તો આ લઘુનવલમાં ઠેર-ઠેર છે. 'ચેપી રોગની જેમ એનું રુદન એના બીજા મિત્રોમાં પણ ફેલાયું અને બધા એક સાથે રડવા લાગ્યા. રડતા જાય અને એકબીજાને ભેટતા જાય.' 'આ પ્રશ્નોને તો ચોટલી પકડી બહાર ખેંચી જ કાઢવા', 'પુત્તાએ સત્યાગ્રહ કર્યો', 'સત્યાગ્રહ' શબ્દ કેવો તો લાક્ષણિક ઢબે પ્રયોજાયો છે. 'પગમાં જેમ લતા વીંટળાઈ વળે તેમ આ માણસની હમદર્દી તેમને વીંટળાઈ વળી.' 'જેવા એ બહાર આવ્યા કે પુત્તાએ જાણે પ્રાણેશાચાર્યની કાયદેસરની પરણેતર હોય એમ કચકચ શરુ કરી.'

બ્રાહ્મણવર્ગની ખોખલી માન્યતાઓનું નિરૂપણ કરતા-કરતા શ્રી અનંતમૂર્તિ કેટલાક પ્રસંગોના નિરૂપણમાં સ્થૂળતામાં સરી પડતા જણાય છે. ખાસ કરીને દુર્વાસાપુરના બ્રાહ્મણો અને બ્રાહ્મણપત્નીઓની વૃતિ-પ્રવૃતિઓનાં કરેલા વર્ણનો કઠે છે. જ્ઞાનસંપન્ન પ્રાણેશાચાર્ય આટલી સહેલાઈથી પરિસ્થિતિવશ થઇ ચંદ્રીને પોતાની જાત સોંપી બેસે છે તે વાત ઝટ ગળે ઊતરતી નથી. વિવેકશીલ વ્યક્તિત્વનું આટલું ઝડપથી પતન થઇ શકે? મને આ કૃતિ Sarcasm કોટિની લાગે છે. આટલી મર્યાદા બાદ કરતા સર્જક ક્યાંય ઉપદેશક કે સુધારક તરીકે કૃતિમાં પ્રગટતા નથી. કોઈપણ જાતની 'આ સારું, આ ખોટું'ની પળોજણમાં પડ્યા વગર સર્જક કળાનો હેતુ સિદ્ધ કરે છે. 'સંસ્કાર' કૃતિ વાંચતા ઉત્તમ અનુવાદક તરીકે શ્રી હસમુખ દવેની નોંધપાત્ર સિદ્ધિ જણાય છે.

* - * - * - * - * - * - * - * - * - *